# ગ્રીન અને સેવ પર્યાવરણ થીમ ઉપર પર્યાવરણ દિવસ ઉજવાયો

એમ.એસ.યુનિ.ની ફેકલ્ટી ઓફ એજ્યુકેશન અને સાયકોલોજીના ડિપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશન દ્વારા ગ્રીન અને સેવ પર્યાવરણ થીમ ઉપર વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જે અંતર્ગત કેમ્પસમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ સાથે પર્યાવરણના જતન અને મહત્વ અંગે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું તેમ ફેકલ્ટીના ડીન પ્રો. આશુતોષ બિસ્વાલે જણાવ્યું હતું.

